# કુદરતી આફત

નબોલવામાં નવ ગુણ

★ નટવર પંડ્યા

હું ટ્રેનના જનરલ ડબ્બાની અડાબીડ ગીરદીમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યાં સ્ટેશન આવ્યું. સ્ટેશન આવતાની સાથે જ એક કદાવર દેહધારી સજ્જન જેમ ખૂંટિયો શાકમાર્કેટમાં ઘૂસે એમ અમારા ડબ્બામાં ઘૂસ્યા. તેમની નજર મારા પર પડી. મને જોતાવેંત તેઓ ફૂલ સાઈઝનું 'ઓ..હો.. હો.. હો.. હો..' પોકારી ઊઠ્યા. મને જોઈને 'ઓ' પાછળ આટલા બધા 'હો..!' લગાડવા પડે એવું તો મારામાં કશું હતું નહીં. એટલે હું પોતે વિચારમાં પડી ગયો. ત્યાં તેઓ બોલ્યા, "તમે અહીં ક્યાંથી?" ખરેખર તો આ પ્રશ્ન મારે એમને પૂછવો જોઈએ. કારણ કે ત્રણ ત્રણ જણની જગ્યા પરવાનગી વિના સંપાદન કરી લેનારને એવો પ્રશ્ન પૂછવાનું મન બધાને થાય. પૂછનારનો અંતરાત્મા એવું પણ બોલે કે 'તમે અહીં ન હોત તો કેવું સારું!', 'તમે અહીં ક્યાંથી!' પણ તેઓ બીજાને તક આપતા જ નથી. તરત જ પ્રશ્ન પૂછી મારે કે 'તમે અહીં ક્યાંથી?' હું મનોમન બોલ્યો કે જે રીતે તમે અહીં ભરાયા એ જ રીતે અમે! હજુ તો આટલું વિચાર્યું અને તેમને ઉત્તર આપું ન આપું ત્યાં તો ડબ્બામાં બેઠેલા ખુદાબક્ષ ભજનીકના ફેરીયા શૈલીના ભરડાયેલા સૂરમાં ભજન સંભળાયું "...એ જી રેદેવા તો પડે છે અંતે સહુને નડે છે, કરેલા કરમના બદલા દેવા રે પડે છે..!" આપણને એવું લાગે કે જાણે રાજકુમાર (જાની.. ઇ..)ભજન ગાઈ રહ્યા છે. ભરડાસુર ભજનીક જાણે કે તે ભજન મને જ ઉદ્દેશીને ગાતો એવું લાગ્યું. કારણ કે પેલા દળદાર સજ્જન(!) મારી બાજુમાં જ ભરાણા હતા. એટલે તેમની અને બીજા મુસાફરોની વચ્ચે હું તો સેન્ડવીચ થઈ ગયો હતો. એક ક્ષણ તો વિચાર આવી ગયો કે આપણે આટલા બધા કરમ બાંધ્યા હશે કે એક સાથે ત્રણ ગણા બદલા ચુકવવા પડે. કારણ કે પેલા સજ્જન મારા કરતાં ત્રણ ગણી શરીર સમૃદ્ધિ ધરાવતા હતા. હજુ પણ તે 'ઓ..હો..હો..'વાળા વડીલને હું ઓળખી શક્યો નહોતો. પણ તેઓ મારી સામે ઓળખાણની ખાણ ખોદી રહ્યા હતા. મને થયું કે આ ખાણમાં મારી સમાધિ નક્કી છે. વળી મારી ઉપરનો પંખો બંધ હતો. એટલે મૂંઝારો વધ્યો. ડાબી બાજુ ટ્રેનની બારીએથી ટ્રેનના વ્હિલનો ખટાખટ અવાજ આવતો હતો અને જમણી બાજુના કાન પર ભજનીકે પંચમ(અ-)સૂરમાં ભજન ઉપાડ્યું. મારી પાછળ ઊભેલા સંપૂર્ણ કામનાશક ગૃહિણી પીઠ વડે મને ધક્કા મારી રહી હતી. (જો કે તે શ્વાસ લઈ રહી હતી.) સામેથી ગરમાગરમ વડાપાઉંવાળો મોટી મોટી બુમો લઈને આવી રહ્યો હતો.

દરિયાકાંઠે સુનામીનું મોજુ ધસી આવે એમ ડબ્બામાં ઘૂસી આવેલા એ સજ્જનની અન્ય લોકો સાથેની ઊભડક વાતોમાંથી જાણવા મળ્યું કે કુદરતી આફત સમાન તે સજ્જનનું નામ હરુભાઈ હતું. મને જોઈને તે ફરીથી બોલી ઊઠ્યા, 'ઓ.હો.. તમે અહીં ક્યાંથી?' તેઓ ડબ્બામાં ઘુસ્યા એટલે નબળા કંકાલતંત્રવાળા મનુષ્યો આપોઆપ એક બાજુ હડસેલાઈ ગયા. બે ચાર મજબૂત અને ટકાઉ હતા તે માંડ માંડ મૂળ સ્થાને ટકી શક્યા. એ સજ્જનના દેહની જાહોજલાલી જબરી હતી. ગાંડા બાવળની જેમ તેમનું શરીર જામ્યું હતું. તેમની શારીરિક ઊંચાઈ અસાધારણ હોવાને લીધે સાધારણ મનુષ્યે તેમની સામે ઊંચું જોઈને વાત કરવી પડતી હતી. એમના દેહ કરતા ય એમનું 'ઓ..હો..હો..હો..હો..હો..' મોટું હતું. હું એમને હજુ ઓળખી શક્યો નહોતો. મારું મગજ એ દિશામાં સક્રિય હતું છતાં કોઈ રીતે તાળો મળતો નહોતો. પણ તેના 'ઓ..હો.. હો..'માં મારી સાત પેઢીની ઓળખાણનો રણકો હતો એટલે મને વિધીવત રીતે ગિલ્ટી ફીલ થઈ કે આવા ઉમદા સજ્જનને હું પાપી કેમ ન ઓળખી શક્યો!

એટલામાં જ બીજા આધેડ સજ્જન અને સન્નારી ડબ્બામાં ચડ્યા. જો કે તે સજ્જનના વાણી વર્તન જોતા મને લાગ્યું કે આપણે ત્યાં દરેકને સજ્જન કહેવાનો કુરિવાજ વહેલી તકે નાબૂદ કરવો જોઈએ. પણ આજે ક્યાં છે રાજા રામમોહનરાય કે વિલિયમ બેન્ટિક! બહેન સન્નારી તો નહીં પણ 'સાધારણ નારી'માંથી જાય એવા નહોતા. છતાં તેને સન્નારી જ કહેવા પડે કારણ કે સન્નારી હોય તો જ તે વાડમાંથી વધાર લે એવા પતિ જોડે આટલા વર્ષ વિતાવી શક્યા હોય ને! સન્નારી જો કે ઉંમરમાં જરા મોટા



**તેઓ ડબ્બામાં ઘુસ્યા એટલે નબળા કંકાલતંત્રવાળા મનુષ્યો આપોઆપ એક બાજુ હડસેલાઈ ગયા. બે ચાર મજબૂત અને ટકાઉ હતા તે માંડ માંડ મૂળ સ્થાને ટકી શક્યા. એ સજ્જનના દેહની જાહોજલાલી જબરી હતી. ગાંડા બાવળની જેમ તેમનું શરીર જામ્યું હતું**

લાગતા'તા. એમને જોતા જ હરુભાઈ બોલ્યા, "ઓ..હો..હો.. આવો, આવો, આવો!' હરુભાઈ આટલું બોલ્યા એટલે પેલા સન્નારી તેમની સામે મલકાયા. એમના મલકાટને કારણે હરુભાઈમાં સ્ત્રી દાક્ષિણ્યની ભાવના ભડકી ઊઠી. તેમણે આજુબાજુ બેઠેલાઓને આઘાપાછા કરી એક જગ્યા કરવા કહ્યું. એકાદ બે ને વિનંતી કરી, એકાદ બે ને સમજાવ્યા, એકાદ બે ને હળવા વ્યવહારિક ધક્કા માર્યા. એકાદ બે કાચા પોચાને ડારો ડફારો દીધો. આટલી મહેનતને અંતે સરવાળે એક નહીં પણ અડધી જગ્યા દાન પેટે મેળવી શક્યા. સરેરાશ મનુષ્યથી બમણું ધનફળ ધરાવતા તે સન્નારી અડધી જગ્યામાં આખા બેસવાની મથામણ કરી રહ્યા હતા. એ સાથે જ હરુભાઈએ પેલા સજ્જનને પૂછ્યું, "શું બહેનની બદલી થઈ ગઈ?"ને પેલા સજ્જન આવાક થઈ ગયા. હરુભાઈએ ફરી પૂછ્યું, "બહેન મોટા છે એ તો મને ખબર જ છે પણ હવે તો તમે ભાઈ બહેન બંને સરખા જ લાગો છો!" પેલા ધૂંધવાયેલા સજ્જને કહ્યું, "એ કાકા, એ મારી નહીં, મારા સાળાની બહેન છે!" ફરીથી હરુભાઈ બોલ્યા, "અરે હા હા! તમારા સાળા ગજુભાઈ ને તો હું વર્ષોથી ઓળખું." આમ બેન ને બાજુ પર મૂકી સજ્જનના સાળાને પકડ્યા અને વિશેષમાં કહ્યું, "મારી ઓફિસમાં જ તેમણે પ્યુન તરીકે નોકરી શરૂ કરેલી પછી જાત મહેનતથી છેક ડેપ્યુટી કલેક્ટર સુધી પહોંચ્યા. માણસ બહુ ભલા હો, દુખિયાના બેલી." સજ્જન ઉવાચ, "અરે મારા સાળા તો ઘેટાં ઉછેર કેન્દ્રમાં ક્લાર્ક છે કલેક્ટર નહીં. તમે યાર અમારા સગાસંબંધીઓમાં સખળ ડખળ કરવાનું રહેવા દો. હું તમને મુદ્દલ ઓળખતો નથી." ડબ્બામાં ચડેલા સજ્જન વિશે મારા મનમાં પહેલેથી જ જે અભિપ્રાય હતો એવો જ અભિપ્રાય હવે હરુભાઈના મનમાં સર્જાયો. કારણ કે હવે હરુભાઈની લાગણી દુભાઈ હતી. હરુભાઈએ ખોદેલી ઓળખાણની ખાણમાં તે સજ્જને હરુભાઈને ધકેલી દીધા હતા. હરુભાઈની ઉષ્માભરી ઓળખાણનો કરુણ અંત આવ્યો. મને હાશ થઈ. જોકે હરુભાઈ ને ક્યાં થઈ હતી! હવે તેમણે સુકાન ફેરવ્યું, તોપનું નાળચું મારા તરફ માંડ્યું. મેં એક સહપ્રવાસીને પૂછ્યું, "મુંબઈ હજુ કેટલું દુર છે?" તેણે કહ્યું, "બસ અડધો કલાક!" મને રાહત થઈ. સારું થયું કે મુંબઈ આટલું નજીક હતું. જો મુંબઈ પહોંચતા હજુ એકાદ કલાક લાગે તેમ હોત તો ટ્રેનમાં કાં તો એ ન હોત અથવા હું ન હોત. (જોકે હું જ ન હોત!) આજે સવારનું રાશિ ભવિષ્ય વાંચ્યું હતું તો તેમાં લખ્યું હતું કે 'અજાણ્યા વ્યક્તિથી લાભ.' એટલે હરુભાઈનું નામ સાંભળીને હું ખુશ થઈ ગયો હતો. પણ ટૂંક સમયમાં જ મને સમજાય ગયું કે આ હરુભાઈને કારણે આપણને કોઈ લાભ થશે નહીં પણ માથું તો પાકી જ જશે. હરુભાઈએ પૂછ્યું, "ક્યાં જાવ છો?" મેં કહ્યું, "મુંબઈ." "અરે તો તો કામ થઈ ગયું! હું પણ મુંબઈ જ જાઉં છું." આટલું કહી મારી સાથે ઘનિષ્ઠ સંબંધ કેળવતા બોલ્યા, "શું કરે છે પ્રભુભાઈ! હું ને પ્રભુભાઈ સાથે રમેલા!" ફરી પાછો હું આવાક થઈ ગયો અને મનોમન બોલ્યો કે હે પ્રભુ તેં આ શું માંડ્યું છે? કારણ કે પ્રભુભાઈ સાથે હરુભાઈ હૂ..તૂ.. તૂ..રમે કે તીનપત્તી, મારે શું લેવાદેવા! હજુ તો હું વિચારતો હતો ત્યાં તેમણે પ્રશ્ન દોહરાવ્યો નહિ બલ્કે તિહરાવ્યો. હું વિચારવા લાગ્યો કે હવે આમાંથી કઈ રીતે છૂટવું. ત્યાં જ સામે વોશરૂમનો દરવાજો ખુલ્યો અને મને ઉપાય મળી ગયો. મેં તરત જ હરુભાઈને ઈશારો કરી અને વોશરૂમની દિશા પકડી અને તેણે બીજા મુસાફરને પકડ્યો.

## ગરમાગરમ

એક બેરોજગાર યુવાન એક બાબા પાસે ગયો અને બોલ્યો, "બાબા મેં B.A. કર્યું છે છતાં નોકરી મળતી નથી."

બાબા એ કહ્યું, "ફરી એકવાર B.A. કરી નાખ!"

યુવાને પૂછ્યું, "શું તેથી નોકરી મળશે!?"

બાબાએ કહ્યું, "નહીં, પણ તું બે વાર B.A. એટલે તું 'BABA'(બાબા) બની જઈશ પછી નોકરીની જરૂર જ નહીં રહે.